Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**<u>સિન્ડિકેટની સામાન્ય સભા</u>** **<u>સમય : ૧:૦૦ કલાકે</u>**
**<u>તા.૧૬–૦૬–૨૦૨૧</u>**

## : કાર્યસૂચિ – ૨ :

૪૯. સ્પોર્ટસ કવોટાની બેઠકો માટે સિન્ડિકેટની તા. ૦૯/૦૬/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક ૨૫ થી ઠરાવ્યા અનુસાર સ્વનિર્ભર કોલેજોમાં વર્ગદીઠ ૪ બેઠકોની ફાળવણી થઈ શકશે તથા સ્વનિર્ભર કોલેજોમાં સ્પોર્ટસ કવોટામાં ફળવાયેલ બેઠકોને તે કોલેજોની કુલ બેઠકોના ભાગ તરીકે ગણીને પ્રવેશ આપવાના થાય છે. આ સંજોગોમાં આવી બેઠકો પ્રવર્તમાન સીટ મેટ્રીક્ષ પૈકીની કઈ કેટેગરીમાંથી ફાળવવાની થાય તે અંગે વિચારણા કરવા બાબત.

**<u>સિન્કિટની તા. ૦૯/૦૬/૨૦૨૧ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૫</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે,રાષ્ટ્રીય કક્ષાએ અથવા રાજય કક્ષાએ ખેલકુદ / સાંસ્કૃતિક પ્રવૃતિઓ કે જે રમતગમત કે પ્રવૃતિઓ યુનિવર્સિટી દ્વારા જ પૈકીની આપણી યુનિવર્સિટી દ્વારા આગલા વર્ષમાં યોજાયેલ હોય, તેમા વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ગ્રાન્ટ–ઈન–એઈડ તથા સ્વનિર્ભર સંસ્થાઓમાં વર્ગદીઠ ૪ બેઠકોની ફાળવણી થઈ શકશે. અને તે માટે અલગ અરજી મંગાવી મેરીટ બનાવીને વિદ્યાર્થીઓનું કાઉન્સિલીંગ કરી યુવક કલ્યાણ વિભાગદ્વારા કોલેજોમાં પ્રવેશો ફાળવવાના રહેશે.**

**વધુમાં ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમા સ્પોર્ટસ કવોટોમાં ફાળવાયેલી બેઠકોને સુપરન્યુમરી બેઠકો ગણી પ્રવેશ આપવા અને સ્વનિર્ભર કોલેજોમાં સ્પોર્ટસ કવોટોમાં ફાળવાયેલી બેઠકોને તે કોલેજોની કુલ બેઠકોના ભાગ તરીકે ગણીને પ્રવેશ આપવા.**

નોંધ :– ઉદાહરણ સ્વરૂપે બી.સી.એ. ની એક કોલેજ જેમાં એક ડીવીઝન છે તેનું સીટ મેટ્રીક્ષ નીચે મુજબ છે.

| Merit Type | Total | Gen | SEBC | SC | ST | EWS | Gen PH | SEBC PH | SC PH | ST PH | EWS PH |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| B.C.A GSEB GENERAL + VOCATIONAL | 30 | 12 | 8 | 2 | 5 | 3 | 0 | 0 | 0 | 0 | 0 |
| B.C.A GSEB SCIENCE | 38 | 15 | 10 | 3 | 6 | 4 | 0 | 0 | 0 | 0 | 0 |
| B.C.A OTHER BOARD SCIENCE | 4 | 2 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| B.C.A OTHER BOARD GENERAL + VOCATIONAL | 3 | 1 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| Total | 75 | 30 | 20 | 5 | 13 | 7 | 0 | 0 | 0 | 0 | 0 |

ઉપર દર્શાવ્યા મુજબની કઈ કેટેગરીમાં સ્પોર્ટસ કવોટાની બેઠકો ફાળવવી તે અંગે વિચારણા કરવાની થાય છે. વળી સ્પોર્ટસ કવોટામાં કેટેગરી વાઈઝરીઝર્વેશન રાખવાનું થાય કે કેમ તથા GSHEB અને અધર બોર્ડ વચ્ચે પણ આવી સીટો વહેંચવાની થાય કે કેમ તે અંગે નિણર્ય કરવાનો થાય.

(એકેડેમિક)

**૫૦. સ્નાતક કક્ષાના વિવિધઅભ્યાસક્રમોમાં પ્રવર્તમાન વ્યવસ્થા અનુસાર ડીવીઝન દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ ફાળવવામાં આવે છે.**

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ | સ્વનિર્ભર |
|---|---|---|---|
| 1 | B.Sc. & B.Sc. (Computer Science) | 120 | 60 |
| 2 | B.Com. & B.Com. (Honrs) | 120 | 100 |
| 3 | B.A. | 120 | 100 |
| 4 | B.B.A. | - | 60 |
| 5 | B.C.A. | - | 60 |
| 6 | B.R.S. | 50 | 60 |
| 7 | B.Com. LL.B. | - | 60 |
| 8 | M.Sc. Integrated Biotechnology | - | 60 |
| 9 | M.Sc. IT | - | 60 |
| 10 | 5 Year Integrated Programme in Sustainable Development | - | 60 |
| 11 | Bachelor of Fine Arts | - | 80 |
| 12 | Bachelor of Interior Design | - | 70 |

નોંધ :–EWS(**આથિર્ક નબળા વર્ગ) માટે ૧૦ % નો સમાવેશ જે તે અભ્યાસક્રમના વર્ગદીઠ ઈન્ટેકમાં ૨૫ % નો વધારો કરી SC, ST, SEBC અને EWS ની ગણતરી કરવાની રહે છે**

**ઉપરોકત વિગતો અવલોકને લઈ ધોરણ–૧૨ ના સંભવિત ઉચા પરિણામને અનુસંધાને શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧–૨૦૨૨દરમ્યાન ડીવીઝન દીઠ બેઠકો કેટલી ફાળવવી તે અંગે વિચારણા કરવા બાબત.**

(બિડાણઃ ૪૪ )

(એકેડેમિક)

**૫૧.** પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરાવતાં પહેલા પ્રવેશ ફોર્મ ભરાય ત્યાર પહેલા એફીલીયેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલી જરૂરી છે પરંતુ એફીલીયેશનની પ્રક્રિયા ચાલુ હોય તે દરમ્યાન સમયસર પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરી શકાય તે હેતુંથી એફીલીયેશનની અરજીઓ મુજબની વિગતને આધારે નવી કોલેજો,સ્વનિર્ભર અભ્યાસક્રમો તેમજ વધારાના સ્વનિર્ભર ડીવીઝનો મુજબ ERPસીસ્ટમમાં કોલેજ બાઈન્ડીગ તથા સીટ મેટ્રીક્ષ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ :– પ્રોસ્પેકટસમાં તથા જાહેરાતમાં નીચે મુજબની સુચના દર્શાવી શકાય.

" સ્વનિર્ભર કોલેજો, સ્વનિર્ભર અભ્યાસક્રમો, તેમજ વધારાના સ્વનિર્ભર વર્ગોની એફીલીયેશનની પ્રક્રિયા ચાલુ હોવાથી પોસ્પેકટસમાં / ઓનલાઈન ફોર્મમાં  દર્શાવેલ કોલેજોને જેટલાં ડિવિઝન માટેની મંજુરી મળશે  માત્ર તેટલી જ કોલેજો પર તેટલા જ ડીવીઝન પર પ્રવેશની ફાળવણી કરવામાં આવશે. નવી  કોલેજો, નવા સ્વનિર્ભરઅભ્યાસક્રમો તેમજ વધારાના સ્વનિર્ભરઅભ્યાસક્રમો ના કિસ્સામાં રાજય સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ જ પ્રવેશ  ફાળવવામાં આવશે તથા આવા ફેરફારો પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે "

(એકેડેમિક)

૫૨. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આર્ટસ અને કોમર્સ (રેગ્યુલર અને એક્ષર્ટનલ) અભ્યાસક્રમમાં અને સાયન્સ (રેગ્યુલર) અભ્યાસક્રમમાં ડબલ એન્ટ્રી સિસ્ટમથી પ્રવેશ ફાળવવા અંગે સેનેટ/સિન્ડિકેટ સભ્યશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તા.૬/૦૬/૨૦૨૧ ના ઈમેઈલ થી મળેલ પત્ર પર એકેડેમિક કાઉન્સિલની તા.૧૨/૦૬/૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪) અન્વયે, **સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આર્ટસ અને કોમર્સ (રેગ્યુલર અને એક્ષર્ટનલ) અભ્યાસક્રમમાં અને સાયન્સ (રેગ્યુલર)અભ્યાસક્રમમાં ડબલ એન્ટ્રી સિસ્ટમથી પ્રવેશ ફાળવવા બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે અને આ અંગે ઈચ્છુક કોલેજો પાસેથી નિયત પ્રફોર્મામાં વિનામૂલ્યે અરજી મંગાવવી અને આવેલ અરજીના સંદર્ભમાં અભ્યાસ કરી આગામી એકેડેમિક કાઉન્સિલમાં મંજૂરી અર્થે રજૂ કરવું.** એમ ઠરાવેલ હોઈ, એફીલીયેશન સહિતની પ્રક્રિયા નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૪૫ )

(સિન્ડિકેટ)

૫૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી મેનેજમેન્ટ સિસ્ટમ પૂરી પાડવા માટે કાર્યાલયના પત્રાંક : જન/ERP/૧૧૯૫૬/૨૦૧૭, તા.૦૪/૦૭/૨૦૧૭ થી Guj Info Petro Limited, Gandhinagar વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. જે અંતર્ગત GIPL દ્વારા Software Development (For University Management System 2nd Semester Billing : 3rd Year) કરવામાં આવતા તેમના દ્વારા બીલ નં.INV20200696 થી રૂા.૭૮,૮૫,૩૫૦/– (CGST/SGST સહિત) નું બીલ રજૂ કરતા સદર બાબતે બીલની પૂતર્તા કરી અહેવાલ રજૂ કરવા સમિતિના સભ્યોને પત્રો રીફર કરતા સદર સમિતિના સભ્યો દ્વારા અગાઉ તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ રજૂ કરેલ અહેવાલ ધ્યાને લઈ GIPL એ રજૂ કરેલ બીલની રકમ રૂા.૭૮,૮૫,૩૫૦/– ચૂકવણી કરવા અંગે તથા GIPL દ્વારા રજૂ કરેલ બીલો અંતર્ગત બાકી રહેલ કુલ રકમ **રૂા.૧,૬૩,૨૨,૩૫૦/–** ચુકવણી અંગે બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટ તા.૧૮/૦૫/૨૦૨૧ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૪ ના ઠરાવ્યાનુસાર GIPL ની કામગીરીને ધ્યાને લઈ હાલ રૂા.૯,૦૦,૦૦૦/– ચૂકવણી કરવા ઠરાવેલ હતું.

જેથી સદરહું GIPL ને રૂા.૧,૬૩,૨૨,૩૫૦/– રકમ માંથી રૂા.૯,૦૦,૦૦૦/– ચૂકવણી કરી દેવામાં આવતા બાકી રહેલ રકમ રૂા.૧,૫૪,૨૨,૩૫૦/– તથા હાલ GIPL એ રજૂ કરેલ બીલની રકમ રૂા.૭૮,૮૫,૩૫૦/– ચુકવણી અંગે હાલ યુનિવર્સિટીમાં પ્રવેશ, પરીક્ષા, પરિણામ, LIC તથા પ્લેસમેન્ટ અંગેની કામગીરી ચાલી રહેલ હોય તો તેમની બાકીની કુલ રકમ (૧,૫૪,૨૨,૩૫૦+૭૮,૮૫,૩૫૦) **રૂા.૨,૩૩,૦૭,૭૦૦/–** GIPL ને ચુકવણી અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૪૬ )

(વહીવટી)

૫૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન આ સાથેના પત્રક મુજબના વિષયોમાં તે સામે દર્શાવેલ પ્રવેશ ફી કેટેગરી બેઠકો પર પ્રવેશ ફાળવણી સાથેની વિગત અવલોકનમાં લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ ની અનુસ્નાતક વિષયોની પ્રવેશ કાર્યવાહી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન જે પ્રવેશ બેઠકો પર કરવામાં આવેલ હતી તે મુજબની પ્રવેશ બેઠકો પર રાજય સરકારશ્રીની અનામતની રાજય સરકારની માર્ગદર્શિકાને યુનિવર્સિટી અધિકાર મંડળ દ્વારા મંજુર કરેલ માર્ગદર્શિકા મુજબ અમલ કરી કરવા વિચારણા કરવા બાબત.

નોંધ :

૧: વિનયન, વાણિજય વિધાશાખાના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર અને અનુસ્નાતક ભવનમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસની પ્રવેશ બેઠકો એક સમાન નથી તેની અલગથી માહિતી આપેલ છે.

૨: અનુસ્નાતક કેન્દ્ર અને અનુસ્નાતક ભવનમાં કુલ (૮૮) પ્રવેશ બેઠકોની ફાળવણી ઈ.ડબલ્યુ.એસ. કેટેગરીના અમલ સાથે સિન્ડીકેટની તા. ૧૯–૬–૨૦૧૯ના ઠરાવ ક્રમાંક (૯૯) અન્વયે ૨૫ ટકા બેઠકોનો વધારા સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ થી કરવામાં આવે છે.

રેગ્યુલર બેઠકની (૫૦) બેઠકો અને હાયર પેમેન્ટની (૨૦) બેઠકો માં ઈ. ડબલ્યુ.એસ. કેટેગરીની અનામતનો લાભ આપવા સારુ રેગ્યુલર બેઠકમાં (૬૩) અને હાયર પેમેન્ટની (૨૫) બેઠકો મળી કુલ્લે (૮૮) પ્રવેશ બેઠકો પર અનુસ્નાતક કેન્દ્ર દીઠ ફાળવણી થયેલ છે.

૩: વિજ્ઞાન વિષયના અનુસ્નાતક અભ્યાસની પ્રવેશની બેઠકોની માહિતી પત્રકમાં સામેલ છે.

(બિડાણ : ૪૭)

(અનુસ્નાતક)

૫૫. **અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંક : એસ–૧ (૧)/૮૧૫૦/૨૦૨૧ **ઈ.ચા.કુલસચિવ**
તા. ૧૫–૦૬–૨૦૨૧

પ્રતિ,
**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**